ગુજરાતમિત્ર
આસપાસ ચોપાસ
આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!
મંગળવાર ૨ જૂન, ૨૦૨૬

**ગામમાં 98 ટકા આદિવાસી લોકો વસવાટ કરે છે, કોંકણી, કુનબી અને ભીલ તથા તૈલી અને વણઝારા જ્ઞાતિના લોકોનો મુખ્ય વસવાટ**




## શિક્ષણ, ખેતી, પશુપાલન-ડેરી ક્ષેત્રે વિકાસનાં ડગલાં ભરતું આહવા તાલુકાનું ગામ

# ગલકુંડ

આહવા તાલુકામાં સમાવિષ્ટ અને શામગહાનથી 9 કિમીના અંતરે આવેલું ગલકુંડ ગામ શામગહાન-આહવા રાષ્ટ્રીય ધોરી માર્ગને અડીને આવેલું છે. આ ગામથી મહારાષ્ટ્રની સરહદ પણ નજીક પડતી હોવાથી અહીં દર મંગળવારે ભરાતા હાટ બજારમાં જીવન જરૂરિયાતની વસ્તુઓની ખરીદી માટે 25થી વધુ ગામડાંના લોકો ઊમટી પડે છે. આ ગામની ચોતરફ ડુંગરોનો નજારો જોવા મળી રહે છે. ગલકુંડ ગામના થોડાંક ઘરો સમથળ અને થોડાક ઘરો ટેકરાળ ભૂમિ પર આવેલાં છે. નજીકમાં ખાપરી નદી પસાર થાય છે. ખાપરી નદી ચોમાસાની ઋતુમાં અપ્રિતમ દૃશ્યો ખડાં કરે છે. રાષ્ટ્રીય ધોરી માર્ગમાંથી પસાર થતા પ્રવાસીઓ આ દૃશ્યો જોઈ જરૂર ઊભા રહી જાય છે. ચોમાસા અને શિયાળાની ઋતુમાં કુદરતી સંપદા જાજરમાન બની દીપી ઊઠે છે. અહીં ફેબ્રુઆરી-માર્ચ સુધી પાણીની ભરપૂર સગવડો જોવા મળી રહે છે. વડીલોની લોકવાયકા મુજબ ગલકુંડ ગામ નજીક જંગલ વિસ્તારમાં ભેગુધોધ આવેલો છે. જે ભેગુધોધ પાસે બે દૈવીય શક્તિ ધરાવતા દેવો વચ્ચે ભારે લડાઈ થઈ હતી. અહીં લડાઈ એટલી ભયંકર બની હતી કે બાદમાં બંનેમાંથી એક દૈવીય શક્તિ ધરાવતા દેવનો પરાજય થતાં તેને ત્યાંથી ગલકુંડ ગામ નજીક ખાપરી નદીના પટમાં ભાગવું પડ્યું હતું. આ પરાજય પામેલા દેવની પાછળ અન્ય દેવ પાછળ પડતાં છુપાવવા માટે ખાપરી નદીના પથ્થરના પટના ત્રણ સ્થળોએ ચમત્કારથી ગોળ કુંડ પાડ્યાં હતાં. અને પરાજય પામેલા દેવ આ પથ્થરના ત્રણમાંથી એક ગોળ કુંડમાં સંતાઈ ગયા હતા. એટલે કે અદૃશ્ય થઈ ગયા હતા. ખાપરી નદીના પથ્થરના પટમાં ગોળ એટલે ગલ આકારના ત્રણ કુંડા પરથી ગલકુંડ નામ પડ્યું હોવાનું વડીલો પાસેથી જાણવા મળ્યું છે. અહીં ગોળકુંડ પરથી ગલ+કુંડ નામ પડ્યું હોવાનું જાણવા મળે છે. સાથે આ ત્રણ કુંડ પાસે વર્ષોથી વિષ્ણુ દેવની પ્રતિમાનું સ્થાપન પણ જોવા મળે છે. વધુમાં ગલકુંડ ગામના લોકોનું માનવું છે કે ગોળ કુંડ પાસે સ્થાપિત વિષ્ણુ દેવની પ્રતિમાને ઉનાળાની ઋતુમાં છાણથી લીપણ કરવામાં આવે છે. આ છાણ લીપણ પરથી વરસાદ કેટલો પડશે તેની ધારણા કરવામાં આવે છે. લોકોનું માનવું છે કે મૂર્તિ સાથે લીપણ કરેલું છાણ પૂરમાં પણ ધોવાતું નથી. જો લીપણ ધોવાઈ જાય તો વરસાદ સારો ન પડવાની ધારણા બાંધવામાં આવે છે અને જો લિપણ ન ધોવાઈ તો વરસાદ અવિરતપણે સારો પડશે તેવી ધારણા કરવામાં આવે છે. આમ પાણી સાથે જોડાયેલા ભગવાન વિષ્ણુદેવની પ્રતિમા પર લોકોની અખૂટ શ્રદ્ધા જોવા મળે છે વર્ષો પહેલાં ખાપરી નદીના કિનારે સૌપ્રથમ કુનબી, કોંકણી અને ભીલ લોકોએ સાથે મળી પશુપાલન સાથે વસવાટ શરૂ કર્યો હતો. લોકોએ ખાપરી નદીના પથ્થરના પટમાં પડેલ ગોળ કુંડ પરથી ગલકુંડ નામ પાડ્યા બાદ આ વિસ્તારમાં વિધિવત વસવાટ શરૂ કર્યો હતો. બાદ આ ગામમાં વણઝારા અને તૈલી લોકો પણ આવ્યા અને આદિવાસીઓ જોડે મળી વસવાટ શરૂ કરી ખેતીમાં જોતરાયા હતા. આ ગામમાં 98 ટકા આદિવાસી લોકો વસવાટ કરે છે. જ્યારે બે ટકામાં વણઝારા અને તૈલી સમાજનો સમાવેશ થયો છે. અહીં માત્ર કોંકણી, કુનબી અને ભીલ તથા તૈલી અને વણઝારા જ્ઞાતિના છે, આ ગામના 90 ટકા લોકો હિન્દુ ધર્મનું પાલન કરે છે. જ્યારે 10 ટકા લોકો ક્રિશ્ચન ધર્મ સાથે જોડાયેલા છે. આ ગામમાં હનુમાનજીનું મંદિર અને અંબા માતાનું મંદિર પણ આવેલું છે. સાથે આ ગામમાં ક્રિશ્ચન સમુદાયનું ચર્ચ પણ જોવા મળે છે. સાથે વાઘદેવની પ્રતિમા પણ જોવા મળે છે. ગલકુંડ ગામમાં ભક્તો દ્વારા નિર્માણ કરાયેલ હનુમાનજીના મંદિરે શનિવારે પૂજા-અર્ચના કરવામાં આવે છે. જ્યારે અંબા માતાના મંદિરે નિયમિત પૂજા-અર્ચના કરવામાં આવે છે. વધુમાં આ ગામમાં શ્રી સંપ્રદાય, બજરંગદળ, સાઈબાબા અને માળકરી સંપ્રદાયના ભક્તો પણ પૂજા-અર્ચના કરી પોતાના સનાતન હિન્દુ ધર્મનું પાલન કરે છે. ગલકુંડ ગામની ચર્ચા કરીએ તો ગામની કુલ વસતી આશરે 996થી વધુ છે, જેમાં પુરુષોની સંખ્યા 459 છે. જ્યારે સ્ત્રીઓની સંખ્યા સૌથી વધુ 537ની છે. આ ગામમાં 182થી વધુ કાચાં અને પાકાં ઘરો આવેલાં છે. સાથે 280થી વધુ નાના-મોટાં કુટુંબો આવેલાં છે. ગામમાં ફળિયાની કુલ સંખ્યા 3 છે. ગલકુંડ ગામમાં મંદિર ફળિયું, બજાર ફળિયું, નીચલું ફળિયું મળી કુલ ત્રણ ફળિયાં આવેલાં છે. જેમાં 182થી વધુ નાના-મોટાં કાચાં અને પાકાં મકાનો આવેલાં છે. ગલકુંડ ગામમાં વર્ષોથી માત્ર ભીલ, કુનબી, કોંકણી જાતિના આદિવાસી લોકો વસવાટ કરતા હતા. બાદ તૈલી અને વણઝારા લોકો આવ્યા હતા. ગલકુંડ ગામમાં વાઘ,ચૌધરી, પવાર,ગાંગુર્ડે, ભોયે, ગાયકવાડ, દેશમુખ, ગાવીત, સહારે, પવાર, ગાંગુડા, જાદવ, કામડી, આહીર, પાલવે, રાઉત, બાગુલ, મોકાશી, બરડે, તૈલી, કંવર અને થવિલ અટકના લોકોનો સમાવિષ્ટ થયો છે. આ ગામના 100 ટકા લોકો ખેતીનો વ્યવસાય સાથે જોડાયેલા છે. સાથે નજીકના સ્થળો ખાતે ધંધા-રોજગાર અર્થે જાય છે. અમુક લોકો મહારાષ્ટ્રના વણી વિસ્તારમાં દ્રાક્ષ તથા શાકભાજીની વાડીઓમાં મજૂરી કામ અર્થે જાય છે. અહીં મોટાભાગના પરિવાર ચોમાસાની અને શિયાળુ ખેતી ઉપર નિર્ભર હોવાના પગલે ખેતી પર પણ આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરી તેઓનો જીવન નિર્વાહ સારી રીતે કરી રહ્યા છે. આ ગામમાંથી 15 જેટલા કુટુંબો શેરડી કાપણી માટે સુગર ફેક્ટરીઓમાં જાય છે. ગલકુંડ ગામ શામગહાનથી 9 કિલોમીટરના અંતરે આવેલું છે તથા આ ગામથી મહારાષ્ટ્રની સરહદ 9 કિલોમીટરના અંતરે આવેલ છે. તેમજ આહવા જવું હોય તો 25 કિલોમીટરનું અંતર કાપવું પડે છે. ગલકુંડ ગામ મધ્યમાં આવેલું ગામ હોવાથી અમુક લોકો ધંધા-રોજગાર અર્થે સાપુતારા સહિત મહારાષ્ટ્રમાં પણ જાય છે. ગલકુંડ ગામની વર્ષો જૂની સમસ્યામાં સ્મશાનની સમસ્યાનો અંત આવ્યો છે. ગામના યુવા જાગૃત સરપંચ સુરેશભાઈ વાઘ દ્વારા પંચાયતની ગ્રાંટમાંથી અહીં નવું સ્મશાન ઘર બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેથી આવનાર દિવસોમાં ચોમાસાની ઋતુ પહેલા અંતિમક્રિયા વેળાએ ગ્રામજનોને મોટી રાહત મળી જશે..........

### ગલકુંડ ગામમાં શિક્ષણની સુવિધા





ગલકુંડ ગામ મધ્યમ હોવાથી અહીં બે જેટલી આંગણવાડી પણ કાર્યરત છે. આંગણવાડી માર્ગની સાઈડમાં અને ગામની મધ્યમાં આવેલી હોવાથી બાળકોને આવવા-જવા માટે પણ અનુકૂળ જોવા મળે છે. આ ગામમાં આંગણવાડી નં.1માં વર્કર તરીકે કપિલાબેન રવીન્દ્રભાઈ વાઘ તથા તેડાગર તરીકે રિબીકાબેન પવાર ફરજ બજાવે છે. જેમાં 56 જેટલાં નાનાં ભૂલકાંને પાયાના શિક્ષણનું સિંચન સીંચિત કરવામાં આવે છે. જ્યારે આંગણવાડી નં.2માં વર્કર તરીકે મીનાબેન આહીર અને તેડાગર તરીકે અસ્મિતાબેન ચૌધરી ફરજ બજાવી રહ્યાં છે. જેમાં 33 બાળકો પાયાના શિક્ષણનું સિંચન કરી રહ્યા છે. જયારે ગામમા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત 1 પ્રાથમિક શાળા જે 1 થી 8 ધોરણની આવેલી છે,જેમાં 225 બાળકો મફત શિક્ષણનો સરકારની યોજનાનો લાભ લઈ અભ્યાસ કરી રહયાં છે. શાળામાં ધોરણ 1થી 8માં 132 કુમાર અને 93 કન્યા અભ્યાસ કરે છે. હાલ રોજેરોજ 8 જેટલા શિક્ષકો શાળામાં આવી બાળકોને સુલભ શિક્ષણ કાર્ય કરાવી રહ્યા છે. શાળાના આચાર્ય તરીકે પ્રભાવતીબેન જી.કોંકણી તથા મદદનીશ શિક્ષકોમાં ગંગાબેન એસ.ચૌધરી, જયાબેન.એન.પટેલ,આશિષભાઈ એ.ભોયે, હિમાંશુભાઈ ટી.ગાઈન, નિર્મળભાઈ.ડી.ટંડેલ, રાજશ્રીબેન એસ.ભોયે અને જયદીપભાઈ એસ.ગાંવડા ફરજ બજાવે છે. આ શાળાનાં આચાર્યા પ્રભાવતીબેન કોંકણી સ્થાનિક તથા ઉત્સાહી શિક્ષિકા હોવાથી શાળા રાબેતા મુજબ ચાલી રહી છે. આ શાળાના 8 શિક્ષક નિયમિત શિક્ષણ કાર્ય કરાવતા હોવાથી ગ્રામજનો ગર્વ અનુભવી રહ્યા છે. શાળામાં બાળકોને શિક્ષકો દ્વારા સર્જનાત્મક પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવે છે. સાથે શાળામાં મેનુ મુજબ બપોરનું ભોજન પણ સુવ્યવસ્થિત રીતે બાળકોને પીરસવામાં આવી રહ્યું છે. ગલકુંડ પ્રાથમિક શાળાનાં બાળકોએ એથ્લેટિક્સમાં સ્ટેટ લેવલે, તરણ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ અને ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં ઝોન કક્ષાએ પહોંચી સિદ્ધિ મેળવી છે, જેમાં સ્કોલરશીપ પરીક્ષામાં 15 જેટલા વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. જ્યારે ગલકુંડ ગામમાં વનવાસી વિકાસ મંડળ વઘઈ સંચાલિત આશ્રમ શાળા ગલકુંડ 1989થી ધબકતી જોવા મળે છે. આ આશ્રમ શાળામાં ધોરણ 1થી 8નાં બાળકો હોસ્ટેલમાં રહી અભ્યાસ કરે છે. અહીં 150 વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આશ્રમશાળામાં આચાર્ય તરીકે નિલેશકુમાર અરવિંદભાઈ ગામીત ફરજ બજાવી રહ્યા છે. જ્યારે મદદનીશ શિક્ષકોમાં ટંડેલ દર્શનકુમાર ઈશ્વરભાઈ, સોની રિચા નયનકુમાર, ટાઢા ભાવેશભાઈ મોબતસંગ નિયમિત ફરજ બજાવી રહ્યાં છે. આ આશ્રમશાળામાં વર્ષોથી આદિવાસી બાળકોને શિક્ષણનું સિંચન કરવામાં આવે છે.




### સુરેશભાઈ વાઘ ગામની સેવા માટે રહે છે તત્પર



ગલકુંડ ગામના યુવાન અને જાગૃત આગેવાન સુરેશભાઈ વાઘ અગાઉ દક્ષિણ ડાંગ વન વિભાગમાં ફોરેસ્ટર તરીકે નોકરી કરતા હતા. પરંતુ તેઓનો લગાવ નોકરી તરફ રહ્યો નહીં. તેઓએ ફોરેસ્ટરમાંથી વી.આર.એસ. લઈ રાજકારણમાં ઝંપલાવ્યું અને ભાજપમાં જોડાઈ ગયા હતા. ભાજપમાં જોડાઈ ગયા બાદ તેઓ ગલકુંડ ગ્રુપ ગ્રામ પંચાયતમાં સરપંચના પદ પર ઊભા રહ્યા હતા. ત્યારે તેઓની સામે કોંગ્રેસમાંથી સગો દીકરો પણ ઊભો રહ્યો હતો. ગલકુંડ ગ્રુપ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં બાપ-બેટા વચ્ચે ખરાખરીનો જંગ સર્જાયો હતો. ગલકુંડ ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ પદે ચુંટાઈને સુરેશભાઈ વાઘે સાબિત કરી બતાવ્યું હતું કે બાપ તો બાપ હોતા હૈ. ગલકુંડ ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ સુરેશભાઈ વાઘે ભાજપા સાથે જોડાઈને અહીં આગેવાન તરીકેની કમાન સંભાળી. આદિવાસી લોકોની સમસ્યા ઉકેલવા તેમણે ઘણી મહેતન કરી છે. હાલ સરપંચ ગ્રુપ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામો સહિત નજીકના વિસ્તારનાં ગામોના વિકાસકીય કામોને વેગ આપવા માટે સતત ઝઝૂમી રહ્યા છે. તથા લોકોને વિવિધ યોજનાઓનો લાભ મળી રહે એ માટે વહીવટી તંત્રમાં રજૂઆત કરી રહ્યા છે. સરપંચ સુરેશભાઈ વાઘે ભાજપાની પેનલમાંથી દબદબાભેર ચુંટાઈ આવી ગામના વિકાસમાં સહિયારું યોગદાન આપ્યું છે.

### ભાવિનભાઈ સહારે લોકસેવક તરીકે જાણીતા



ગલકુંડ ગામના યુવાન આગેવાન ભાવિનભાઈ સહારેએ બી.કોમ. સુધીનું શિક્ષણ મેળવ્યું છે. ભાવિનભાઈ સહારે યુવા નેતા હોય અને ભાજપામાં જોડાઈ જઈ અગ્રણી અને લોકસેવક તરીકે ગલકુંડ સહિત વિસ્તારમાં સેવા આપી રહ્યા છે. ગલકુંડ ગામ સહિત આજુબાજુના ગામમાં કોઈપણ મુશ્કેલી તથા કોઈપણ તકરાર હોય તો તેઓ સરપંચ સાથે મળી બંને પક્ષોને ગામના પંચમાં ભેગા કરી મધ્યસ્થી બની સુખદ સમાધાન પણ કરાવી આપે છે. કોર્ટ કેસ કચેરીઓમાં ન જવા માંગતા લોકોનું ગામ રાહે જ સમાધાન કરાવી આપે છે. તથા ગામના શિક્ષિત યુવાનો અને યુવતીઓને પણ યોગ્ય માર્ગદર્શન આપી મદદ કરી રહ્યા છે. ગલકુંડ ગામના સરપંચ સુરેશભાઈ વાઘ અને યુવા આગેવાન ભાવિનભાઈ સહારે લોકોના પડખે હંમેશાં ઊભા રહેતા તેઓની લોકચાહના આજે પણ અકબંધ જોવા મળે છે.



### નજીકના બિલમાળ ખાતે આવેલું અર્ધ નારેશ્વર ધામ પ્રખ્યાત



ગલકુંડ ગામ નજીક બિલમાળ ખાતે આવેલું અર્ધ નારેશ્વર ધામ ડાંગ જિલ્લાનું બાગેશ્વર ધામ તરીકે પ્રખ્યાત બન્યું છે. અહીં પોતાની માનતાઓ પૂરી થતી હોવાથી રોજેરોજ અસંખ્ય ભક્તોનું ઘોડાપૂર ઊમટી પડે છે. બિલમાળ અર્ધનારેશ્વર ધામના સંત પૂ.અનેકરૂપી મહારાજના દર્શન અને દિવ્ય વાણી સાંભળવા તેમજ મુખ દર્શન કરવા મહાશિવરાત્રિ પર્વે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઊમટી પડે છે. અર્ધ નારેશ્વર ધામ શિવજીની ઉપાસના માટે જાણીતું ધામ છે. અહીં જવું હોય તો પ્રથમ ગલકુંડ ગામમાં આવવું પડે છે. બાદ ગલકુંડ ગામ નજીક લહાનચર્યા ફાટકથી બીલમાળ અર્ધ નારેશ્વર ધામ જઈ શકાય છે.



